# ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

## સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨૬-૨-૨૦૨૨, શનિવાર | ૫

હિંમતનગર | મોડાસા | બાયડ | ભીલોડા | ખેડબ્રહ્મા | તલોદ | શામળાજી | પ્રાંતિજ | ધનસુરા | પોશીના | હરસોલ | ઈડર | વિજયનગર | માલપુર | મેઘરજ | વડાલી | ખંભીસર


# કોરોના વાયરસ વચ્ચે બર્ડફ્લુની સતાવતી દહેશત

### જિલ્લાના ૩૦૦ પોસ્ટ્રીફાર્મના સંચાલકોને તકેદારી રાખવા સૂચના : મહારાષ્ટ્ર પછી ભરૂચમાં પણ મરઘાંમાં બર્ડફ્લુની દહેશતથી રાજ્યમાં સૂચના

બાયડ, તા. ૨૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાના વાયરસ વચ્ચે બર્ડફલુની દહેશત વધી છે. મહારાષ્ટ્રમાં બર્ડફલુની દહેશત બાદ ગુજરાતમાં તંત્ર એલર્ટ મોડ ઉપર આવી ગયું છે. કોરોના પછી મરઘાં કાર્મના માલિકોને માંડ રાહત થઈ હતી ત્યાં ફરી એકવાર બર્ડફલુના શંકાસ્પદ કેસના પગપેસારાના કારણે રાજ્યનો પશુપાલન વિભાગ એલર્ટ મોડ ઉપર આવી ગયો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૩૦૦ પોલ્ફીકાર્મના સંચાલકોને મરઘાં શંકાસ્પદ રીતે મૃત્યુ પામે તો તકેદારી રાખવા તાકીદ કરી છે.

મહારાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં મરઘાંમાં બર્ડફલુ ફેલાયો છે. જેના દ્વારા રાજ્ય સહિત તમામ જિલ્લાઓને સાવધાની રાખવા માટે સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં કોરોના કાળમાં પોલ્ટ્રીફાર્મના સંચાલકોને મરઘા ઉછેર કેન્દ્રને તાળાં મારવાં પડે તેવી સ્થિતિ ઉભી થઈ હતી અનેક વિસ્તારોમાં ચીકનની માંગ ઘટી જેના કારણો મરઘાંનો ઉછેર કરનારા વ્યવસાયીકોને અન્ય ધંધા-રોજગાર શરુ કરવાની નોબત આવી. હમણાંથી કોરોનાનું સંક્રમણ ઘટતાં માંડ પોલ્ટ્રીફાર્મ ઉદ્યોગ શરુ થયો હતો ત્યાં મરઘાંમાં બર્ડફલુની દહેશતે સૌને ચિંતામાં મૂક્યા છે. મહારાષ્ટ્રમાં બર્ડફલુ ફેલાયા પછી ભરૂચમાં પણ બર્ડફલુના શંકસ્પદ લક્ષણો મરઘાંમાં જોવા મળતાં રાજયના પશુપાલન વિભાગ દ્વારા તમામ વિસ્તારોમાં પોસ્ટ્રી સંચાલકોને ખાસ તકેદારી રાખવા માટે જણાવવામાં આવ્યું છે. દૈનિક સ્વાભાવિક રીતે થતા મરઘાના મોતમાં જે કોઈ મરઘામાં બર્ડફલૂના શંકાસ્પદ લક્ષણો જણાઈ આવે તો તાત્કાલિક વિભાગનું ધ્યાન દોરવા માટે કડક સૂચના આપવામાં આવી છે. જયારે જે વિસ્તારમાં શંકાસ્પદ લક્ષણો જણાય તો રોગ સંશોધન અધિકારીને ત્વરીત સેમ્પલ લઈ લેબોરેટરીમાં મોકલી આપવા માટે પણ તૈયાર રહેવા જણાવાયું છે.



#### અહોમ્ આશ્ચર્યમ્-૨ જિલ્લા છતાં રોગ સંશોધન અધિકારીનું કાર્યક્ષેત્ર એક

બર્ડફલુની હેશતના કારણે પોલ્ટ્રીફાર્મના સંચાલકોને ખાસ તકેદારી રાખવા માટે પશુપાલન વિભાગે સૂચના તો આપી છે પરંતુ સાબરરાંઠા, અરવલ્લી જિલ્લામાં પશુપાલન વિભાગના રોગ સંશોધન અધિકારીનું કાર્યક્ષેત્ર હજુ પણ હિંમતનગર રહ્યું છે. અરવલ્લી જિલ્લો અસ્તિત્વમાં આવ્યાના ૭ વર્ષ પછી પણ કાયમી ધોરણે રોગ સંશોધન અધિકારીની ક્ચેરી શરૂ ન થતાં આશ્ચર્ય ઉભું થયું છે.

#### મહારાષ્ટ્રમાં બર્ડફલુ પછી સતર્ક રહેવા સૂચના : પશુપાલન અધિકારી

સાબરકાંઠા પશુપાલન અધિકારી જે.બી. પટેલે જણાવ્યું કે મહારાષ્ટ્રમાં બર્ડફ્લુ દેખાયા પછી જિલ્લામાં પોસ્ટ્રીકાર્મના સંચાલકોને સતર્ક રહેવા માટે સૂચના આપવામાં આવી છે. જ્યારે પશુપાલન વિભાગ દ્વારા પણ મરઘા ઉછેર કેન્દ્રોમાં રૂટીન તપાસ થઈ રહી છે.



## મેશ્વો નદીમાં પાણી છોડવા કિનારાના ગામોની માંગ

### નદીમાં પાણી સૂકાતાં મૂંગા પશુધનને પીવાના પાણીની હાલાકી : નદી કિનારાના બોરકૂવાનાં જળ ઉંડાં ઉતર્યા

અરવલ્લી જિલ્લામાંથી પસાર થતી મેશ્વો નદી ઉનાળા પૂર્વે સૂકીભઠ્ઠ બની છે. મેશ્વો જળાશયમાંથી નદીમાં પાણી છોડવા માટે નદી કિનારાના ગામોમાંથી માંગ થઈ રહી છે. નદીમાં પાણી સૂકાતાં મૂંગા પશુધનને પીવાના પાણીની હાલાકી થઈ રહી છે જેથી કેટલાક ખેડૂતો, ગ્રામ પંચાયતના પદાધિકારીઓ દ્વારા આ મુદ્દે જિલ્લા વહીવટીતંત્રને લેખિત રજૂઆત કરવા માટે તૈયારીઓ થઈ છે.

ઉનાળો વિકટ બનવાના અણસાર જણાઈ રહ્યા છે. ગ્રામ્યમાં નદી, તળાવ, ચેકડેમમાંથી પાણી અદ્રશ્ય થતાં ખાસ કરીને મૂંગા પશુધન માટે પીવાના પાણીનું મોટું સંકટ ઉભું થઈ શકે છે. હમણાં સુધી તળાવમાં પાણી સંગ્રહીત રહેતાં ગામડાનું પશુધન તળાવોમાંથી પાણી પીતું હોવાથી પશુપાલકોને કોઈ મુશ્કેલી ન હતી પરંતુ હવે તળાવો તળીયા ઝાટક થયાં છે તો બીજી તરફ જીવાદોરી સમાન નદીઓ સૂકીભઠ્ઠ બની છે. અરવલ્લી જિલ્લામાં સિંચાઈ તેમજ મૂંગા પશુધન માટે મહત્વની ગણાતી મેશ્વો નદીમાં પાણી ઓસરી જતાં નદી કિનારાના બોરક્વા પણ ઉંડા જઈ રહ્યા છે. જ્યારે ગૌચર જંગલ વિસ્તારમાં ચારો ચરવા જતા પશુધનને પણ પીવાના પાણીના અત્યારથી ફાંફાં પડે તેવી સ્થિતિના કારણે મેશ્વો જળાશયમાંથી પાણી છોડવા માટે માંગ બુલંદ બનતી જાય છે. તંત્ર દ્વારા ઉનાળા પૂર્વે મેશ્વો નદીમાં પાણી છોડવામાં આવે તો ખેડૂતોના બોરકવાને પણ તેનો જળસંચયની રીતે ફાયદો થઈ શકે તેમ હોવાથી નદી કિનારાના ગામોના ખેડૂતો ઉપરાંત ગ્રામ પંચાયતના પદાધિકારીઓએ પણ હવે પાણી છોડવાની રજૂઆત કરવા માટે તૈયારીઓ આરંભી છે. ખેડૂત નગીન પટેલ અને પંકજ પ્રણામીએ જણાવ્યું હતું કે હાલની સ્થિતિએ તંત્ર દ્વારા જો ડેમમાંથી પાણી છોડવામાં આવે તો ઉનાળા પૂર્વે જ ઉંડા જઈ રહેલા બોરકૂવાના ભૂગર્ભ જળને તેનો ફાયદો થઈ શકે છે.

## ઉત્તર ગુજરાતમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થતાં સ્કૂલ વર્ધી વાહનો દોડતાં થયાં

### ૨૦૦ સ્કૂલવાન, ૩૦૦૦ સ્કૂલ વર્ધીમાં દોડતા રીક્ષાચાલકોને રાહત

બાયડ, તા. ૨૫

ઉત્તર ગુજરાતમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થતાં સૌથી વધુ ખુશીનો માહોલ સ્કૂલ વર્ધીમાં દોડતાં વાહનચાલકોને થયો છે. ઘણા સમયથી સ્કૂલ વર્ધી કરી પરિવારનું ગુજરાન ચલાવતા વાહનચાલકો



વર્ધી બંધ હોવાથી મુશ્કેલીમાં મૂકાયા હતા પરંતુ હવે શાળા-કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ થવાથી ૫ જિલ્લાની ૨૦૦ સ્કુલવાન અને ૩૦૦૦ જેટલા સ્કૂલ વર્ધીમાં દોડતા રીક્ષાચાલક પરિવારોને રોજગારી મળતી થતાં રાહત થઈ છે.

કોરોનાની મહામારીમાં શાળાઓ થોડા સમય માટે શરૂ થઈ, કેસ વધતાં ફરીથી સ્કૂલો બંધ થઈ હોવાના કારણે સ્કૂલ વર્ધીના વાહનચાલકોનો વ્યવસાય અસ્તવ્યસ્ત થયો હતો. સ્કૂલ રીક્ષા અને સ્કૂલવેન ચાલકોની હાલત કફોડી બની. ઉત્તર ગુજરાતમાં માત્ર ને માત્ર સ્કૂલ વર્ધીના વાહનો ચલાવી ઘરનું ગુજરાન ચલાવનારા અનેક પરિવારોને કોરોના સંક્રમણમાં મુશ્કેલી ભોગવી પડી હતી જેથી અનેક ચાલકોને તો અન્ય ધંધા શરૂ કરવાની ફરજ પડી હતી પરંતુ હવે શાળા-કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થવાથી ઉત્તર ગુજરાતના અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ૨૦૦ સ્કૂલવેન અને ૩૦૦૦થી વધુ સ્કૂલ વર્ધીની રીક્ષા ચલાવતા ચાલકોને મોટી રાહત થઈ છે. સ્કૂલ વર્ધીનો ધંધો કોરોના સમયે છોડવાની ફરજ પડી હતી તેવા પરિવારો પણ હવે સ્કૂલ વર્ધીમાં વાહનો દોડાવતા થયા છે.

## સાવધાન... ક્યાંક ગુલીયન બારીન સીન્ડ્રોમ હાવિ ન થઈ જાય

બાયડ, તા. ૨૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૧ વર્ષ દરમ્યાન ૩૦ થી વધુ લોકોમાં ગુલીયન બારીન સીન્ડ્રોમના શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યાં છે ત્યારે આ રોગ કાયમી ધોરણે હાવિ ન થઈ જાય તેની સતર્કતા રાખવી આરોગ્ય વિભાગ માટે જરૂરી બની છે. સાબરકાંઠા જિલ્લામાં વર્ષ દરમ્યાન ૧૨ કેસ આરોગ્ય વિભાગના દફતરે નોંધાયો છે પરંતુ અરવલ્લી જિલ્લામાં જીબીએસ સીન્ડ્રોમના કેસ છતાં તંત્ર અંધારામાં હોય તેવી સ્થિતિ સામે આવી છે.

કોરોના સંક્રમણમાં ઘટાડો થતાં આરોગ્ય વિભાગે માંડ રાહત અનુભવી છે ત્યાં મિશ્ર ઋતુના કારણે વાયરલ રોગચાળો વકરતાં તંત્રની અગ્નિ પરીક્ષા થઈ રહી છે, ત્યાં પંચમહાલમાં વાઈરલ ગણાતા ગુલીયન બારીન સીન્ડ્રોમનો પગપેસારો થતાં રાજ્યનું આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. તાબડતોબ સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરવામાં આવતાં કુલ-૮ કેસ મળી આવતાં પ્રજામાં ફફડાટ વ્યાપી ગયો છે. દર્દીને લકવાગ્રસ્ત હાલતમાં અને શરીરે અશક્ત કરી નાખતા જીબીએસ સીન્ડ્રોમના સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અગાઉ ૧ વર્ષ દરમ્યાન ૩૦ થી પણ વધુ કેસ નોંધાયા હોવાથી પંચમહાલમાં જોવા મળેલા આ રોગના લક્ષણો જિલ્લામાં પણ ફેલાઈ શકે તેવી દહેશત વ્યક્ત થઈ છે. સાબરકાંઠામાં ૧ વર્ષમાં ૧૨ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો જણાવે છે પરંતુ અરવલ્લી જિલ્લામાં જી.બી.એસ. સીન્ડ્રોમના નોંધાયેલા કેસ બાબતે આરોગ્ય અધિકારીઓ જ અજાણ હોય તેવી સ્થિતિ સામે આવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અગાઉ જીબીએસ સીન્ડ્રોમના શંકાસ્પદ લક્ષણો અનેક લોકોમાં જોવા મળતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલ તેમજ સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી હોવા છતાં સચોટ માહિતીનો અભાવ અરવલ્લીમાં જોવા મળ્યો. બંને જિલ્લામાં અંદાજીત ૩૦ થી પણ વધુ જીબીએસ સીન્ડ્રોમના લક્ષણો ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના દર્દીઓમાં જોવા મળ્યા પછી હવે પંચમહાલમાં આ રોગચાળાએ માથું ઉંચક્તાં જિલ્લામાં સાવધાની રાખવી અત્યંત જરૂરી બની છે.

## અસાલ પંથકમાં ઔદ્યોગિક એકમોના પાપે પ્રદૂષિત થતી જળ, જમીન

### કેમીક્લયુક્ત પાણી છોડવા સામે ૧૫ થી વધુ ગામોમાં વિરોધ વંટોળ : જિલ્લા સમાહર્તાને આવેદનપત્ર અપાયું

બાયડ, તા. ૨૫

ભિલોડા તાલુકાના અસાલ પંથક્યાં ધમધમતા ઔદ્યોગિક એકમોના પાપે હવે જળ, જમીન પ્રદૂષિત થવા લાગતાં ૧૫ થી વધુ ગામોમાં વિરોધ વંટોળ શરૂ થયો છે. કંપનીઓ દ્વારા સરકારના નીતિનિયમોને નેવે મૂકી પર્યાવરણને જોખમી એવા કેમીકલને છોડવામાં આવતાં ખેડૂત એક્તા મંચ દ્વારા જિલ્લા સમાહર્તાને લેખિત આવેદન આપવામાં આવ્યું છે.

જિલ્લામાં પર્યાવરણમાં જોખમી તત્વોની હાજરીના કારણે હવે જળ અને જમીન વધુ દૂષિત થવા લાગી છે. ઔદ્યોગિક એકમો દ્વારા રાતદિવસ પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું છે છતાં નિયંત્રણ બોર્ડ કુંભકર્ણની નિંદ્રામાં સરી પડ્યું છે. ભિલોડા તાલુકામાં અસાલ પંથમાં છેલ્લા કેટલાક સમયથી કેટલાક ઔદ્યોગિક એકમો દ્વારા કેમીક્લ યુક્ત પાણી આડેધડ છોડવામાં આવતું હોવાથી ભૂગર્ભ જળસ્તર અને ખેતીને નુકસાન થવાની દહેશત છે. આ વિસ્તારના બોરકૂવાના પાણી કેમીકલના પાણી અશુદ્ધ થતાં પ્રજા અને ખેડૂતો ચિંતિત બન્યા છે. આસપાસના ૧૫ થી વધુ ગામોમાં ભૂગર્ભ જળ કેમીક્લના કારણે દૂષિત થવાથી રોગચાળામાં સપડાય તેવી દહેશત સેવાઈ રહી છે. નાપડાના સીમાડામાં ઔદ્યોગિક એકમોને સરકારના કોઈ નિયમો અસર કરતા ન હોય તેમ પર્યાવરણના નિયમોને કોરાણે મૂકી કેમીક્લ યુક્ત પાણી છોડાઈ રહ્યું છે જેના કારણે અસાલ, વાંદીયોલ, નાપડા, નાપડાજાગીર, ખારી, વજાપુર, ખિલોડા, ઈશ્વરપુરા, લાલપુર અને બ્રહ્મપૂરી સહિતના ગામોમાં પ્રદૂષણ ફેલાવતા એકમો સામે રોષ ભભૂક્યો છે. ખેડૂત એક્તા મંચ દ્વારા આ મુદ્દે જિલ્લા કલેકટરને લેખિત આવેદન આપી ધ્યાન દોરવામાં આવ્યું છે. વહીવટીતંત્ર દ્વારા આ મુદ્દે કડક વલણ અપનાવામાં નહીં આવે તો છૂપો લોકજુવાળ રસ્તા ઉપર આવી શકે છે.

## હિંમતનગરમાં પ્રથમ સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ સંપન્ન

હિંમતનગરના હડીયોલ પાસેના પાર્ટી પ્લોટમાં પ્રથમ સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ-૨૦૨૨ નું



આયોજન થયું જેમાં ૧૪ યુગલોએ સપ્તપદીના ફેરા લીધા હતા.

સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાતાં અનેક પરિવારોને તેનો લાભ મળી રહ્યો છે. હિંમતનગરમાં સેવાહી સંકલ્પ પરિવાર દ્વારા સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયું જેમાં વિવિધ સમાજના ૧૪ યુગલોએ દાતાઓ અને વડીલોની ઉપસ્થિતિમાં અગ્નિની સાક્ષીએ સપ્તપદીના ફેરા લઈ પોતાના ગૃહસ્થ જીવનનો પ્રારંભ કર્યો હતો.

# અરવલ્લીના નાંદોજ ગામનો મેડીકલ છાત્ર યુક્રેનમાં ફસાયો

### યુદ્ધની ભયંકર સ્થિતિથી પરિવાર ચિંતામાં : છાત્રને સુરક્ષિત વતન લાવવા માટે પરિવારે ગુહાર લગાવી

બાયડ, તા. ૨૫

યુક્રેનમાં ગંભીર બની રહેલી યુદ્ધની સ્થિતિ વચ્ચે અરવલ્લીના નાંદોજનો



મેડીકલ છાત્ર ત્યાં ફસાતાં પરિવાર ઘેરી ચિંતામાં સરી પડ્યો છે. છાત્રને સુરક્ષિત રીતે વતનમાં લાવવા માટે પરિવાર દ્વારા સરકાર સમક્ષ ગુહાર લગાવામાં આવી છે. કેન્દ્ર સરકારે યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને વતનમાં લાવા માટે ખાસ મિશન શરૂ કર્યું છે ત્યારે આ છાત્રને પણ જેમ બને તેમ ઝડપથી વતનમાં લાવા માટેની વ્યવસ્થા ગોઠવા માંગ થઈ છે.

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્ફોટક સ્થિતિ ઉભી થતાં ભારતીયોને સ્વદેશ લાવવા માટે ખાસ વિમાન સેવા શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને પણ પાછા લાવવા માટે ખાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે પરંતુ હજુ અનેક મેડીક્લ છાત્રો યુક્રેનની ભયાનક સ્થિતિમાં ફક્સાયાં છે. યુક્રેનમાં આવનાર સમયમાં સ્થિતિ વધુ સ્ફોટક બનવાના અણસાર છે ત્યારે ભિલોડા તાલુકાના નાંદોજ ગામના વણઝારા પરિવારનો ભાવેશ યુદ્ધની ભયાનક સ્થિતિ વચ્ચે યુક્રેનની મેડીકલ યુનિ.માં ભણતો હોવાથી ત્યાં ફસાયો છે.

સરહદો ઉપર સામસામે સૈન્ય ગોઠવાઈ ગયા પછી ગમે તે ઘડીએ બે દેશનું યુદ્ધ વિશ્વ યુદ્ધમાં ફેરવાઈ શકે તેમ હોવાથી વણઝારા પરિવાર પોતાના પુત્રની સુરક્ષાને લઈ ચિંતામાં ગરકાંવ થયો છે. ડૉક્ટર બનવાના સ્વપ્ન સાથે પરિવારે પુત્રને વિદેશ મોલ્યો તો ખરો પરંતુ હવે યુદ્ધની સ્થિતિ આવી જતાં સ્વદેશ પરત બોલાવાની ફરજ પડી છે. જ્યારે યુક્રેનની મેડીકલ કોલેજ દ્વારા ભારતીય છાત્રોને ઓનલાઈન અભ્યાસ ચાલુ રાખવાનું કહી સરકારના ખાસ અભિયાનમાં અનેક મેડીકલ છાત્રોને ભારત પરત મોકલવામાં આવ્યા છે પરંતુ આવનારા સમયમાં હાલત વધુ વિસ્ફોટક થઈ શકે તેમ હોવાથી અરવલ્લીના નાંદોજનો છાત્ર હજુ સુધી પરત આવ્યો ન હોવાથી જેમ બને તેમ તેને ઝડપથી સ્વદેશ લાવવા માટે પરિવારે સરકાર સમક્ષ માંગ કરી છે.

#### ફસાયેલા છાત્રએ ફોન કરી મદદ માગી

યુક્રેન-રશિયા વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ ઉભી થતાં ધંધા-રોજગાર માટે સ્થાયી થયેલા ભારતીયો સાથે મેડીક્લ છાત્રોને પરત સ્વદેશ જવા માટે ફરમાન કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે પણ ત્યાં ફસાયેલા છાત્રોને પરત લાવવા માટે અભિયાન શરૂ કર્યું છે જેમાં ભિલોડા તાલુકાના નાંદોજ ગામનો ભાવેશ બાબુભાઈ વણઝારા પણ ફસાઈ ગયો હોવાથી પરિવારજનોને ફોન કરી સ્વદેશ પરત લાવવા માટે સરકાર પાસે મદદ માગી હોવાનું જાણવા મળ્યું છે.

#### યુદ્ધની સ્થિતિથી ડૉક્ટર બનવાનું સ્વપ્ન રોડાયું

ભિલોડા તાલુકાના નાંદોજ ગામના વણઝારા સમાજમાં કોઈએ ડૉક્ટર બનવાની સિદ્ધિ મેળવી ન હોવાથી બાબુભાઈ વણઝારાએ પોતે મુશ્કેલી વેઠીને પુત્રને ભણાવ્યા પછી ડૉક્ટર બનવા માટે યુક્રેન મેડીક્લ યુનિ.માં મોકલ્યો હતો પરંતુ હાલની યુદ્ધની સ્થિતિના કારણે પુત્ર ત્યાં ફસાતાં તેને પરત લાવવા માટે પરિવારે સરકારને વિનંતી કરી છે. જ્યારે યુદ્ધના કારણે હાલ તો સામાન્ય પરિવારના યુવકનું ડૉક્ટર બનવાનું સ્વપ્ન રોડાયું છે.